સુવિચાર : આજે એક કસોટી ટાળનારને આવતીકાલે બે કસોટીનો સામનો કરવો પડે છે - ઉમાશંકર જોશી

તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૬૩ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૪૯ | ૮ ઓગસ્ટ, ૨૦૧૫, શુક્રવાર ; અષાઢ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- ● યાકૂબની ફાંસીનો બદલો લેવા ટાઇગર મેમણની સીધી ધમકી
- ● પાકના ફૈંસલાબાદનો નિવાસી હોવાની નાવેદે કરેલી કબૂલાત
- ● સુષ્માના પરિવારને લલિત મોદી પાસેથી નાણાં મળ્યા : રાહુલ ગાંધીનનો આક્ષેપ
- ● પાકિસ્તાન દ્વારા અંકુશ રેખા ઉપર ફરી ભીષણ ગોળીબાર
- ● અનિતા અડવાણી કેસમાં ડિમ્પલ કાપડિયાને નોટિસ
- ● સ્પોટ ફિકિંસગ : ઝછમ્ની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી
- ● પોકમાં પાકિસ્તાનના અનેક જવાનોને ચીન દ્વારા તાલીમ
- ● યાકૂબની ક્યુરેટિવ અરજીને ફગાવી દેનાર જજને ધમકી
- ● આઈએસમાં જોડાવવા ઇચ્છુક શખ્સની અટકાયત કરી લેવાઈ
- ● સેંસેક્સ ૬૨ પોઇન્ટ ઘટીને ૨૮૫૬૪ની સપાટી ઉપર

# સંસદમાં કામગીરી ઠપ મડાગાંઠ તીવ્ર બની

### કોંગ્રેસ અને ભાજપ દ્વારા સામસામે આક્ષેપબાજીનો દોર જારી : કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી પેપર વગર બોલી શકવાની સ્થિતિમાં પણ નથી સ્મૃતિ ઇરાનીનો આક્ષેપ : વ્યાપમ-લલિતગેટમાં તપાસની માંગણી યથાવત

નવીદિલ્હી,તા. ૭

સંસદમાં છેલ્લા કેટલાક દિવસથી જારી મડાગાંઠનો અંત આવે તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. કારણ કે કોંગ્રેસ અને ભાજપ બન્ને પોત પોતાનાવલણ પર મક્કમ દેખાઈ રહ્યા છે. કોંગ્રેસ અને ભાજપે એક બીજા સામે આક્રમક વલણ અપનાવ્યું છે. લલિત મોદી વિવાદ, વ્યાપમ કૌભાંડ, લોકસભામાં કોંગ્રેસના ૨૫ સાંસદોને સસ્પેન્ડ કરવાને લિને ભારે તંગદિલી પ્રવર્તી રહી છે. રાજ્યસભામાં આજે ધાંધલ ધમાલ યથાવત રહી હતી. આક્ષેપબાજીનો દોર જારી રહ્યો હતો. કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, સોનિયા ગાંધી પેપર વાંચ્યા વગર ભાષણ આપવાની સ્થિતિમાં પણ નથી. જ્યારે કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, સોનિયા ગાંધીને વાસ્તવિકતા સમજવી જોઈએ કે, તેઓ મુખ્ય વિરોધપક્ષના પ્રમુખ છે. તેમના શબ્દોની પસંદગી ગાંધીએ કરવી જોઈએ.

રાહુલ ગાંધીને પણ તેઓ યાદ અપાવવા માંગે છે કે, તેઓ એક પ્રતિષ્ઠિત પરિવાર સાથે જોડાયેલા છે. બીજી બાજુ સીપીઆઈએમના જનરલ સેક્રેટરી સીતારામ યેચુરીએ કહ્યું હતું કે, લલિત મોદી અને વ્યાપમ કૌભાંડમાં અમે તપાસ કરવા ઈચ્છીએ છીએ. સંબંધિત પ્રધાનોએ તપાસ પુરી ન થાય ત્યાં સુધી રાજીનામા આપી દેવા જોઈએ. લલિતગેટ અને વ્યાપમ કૌભાંડમાં ઉચ્ચસ્તરીય તપાસની માંગણી કરીને સંસદીય પ્રાગંણમાં જોરદાર દેખાવો જારી રહ્યા હતા. સ્મૃતિએ કહ્યું હતું કે, સંસદ એક સ્ટેજ તરીકે છે તેમ કહેવા વિપક્ષ માંગે છે. ચૂંટાયેલા નેતાના ભાષણને એક લેખ તરીકે ગણવાની બાબત લોકોના જનમતને અપમાનિત કરવાની બાબત છે.



**નગરનું નવું નજરાણું -** મહાત્મા મંદિર અને દાંડીકુટીરને જોડતો કેબલ સ્ટેડ બ્રીજના નિર્માણનું કામ જોરશોરથી ચાલી રહ્યું છે... ખ-માર્ગ પર નિર્માણ થતાં અતિઆધુનિક બ્રીજ શહેરના આકર્ષણનું કેન્દ્ર બનશે... ૩૦ કરોડના ખર્ચે અતિઆધુનિક અને અનોખા બ્રીજનું નિર્માણ નવી ટેકનોલોજીનો પરિચય કરાવશે. હાલ ખ-માર્ગ પરના આ વિસ્તારમાં હંગામી ધોરણે વાહનવ્યવહાર પ્રતિબંધિત કરાયો છે... આગામી દિવસોમાં નગરનું નવું નજરાણું તૈયાર થઈ જશે.... (તસવીર : દિપક જાની)

# શહેરના આઠ પ્લોટની હરાજી રદ

### બે તબક્કાની હરાજીમાં ૫૦ ટકા જ પ્લોટ વેચાયા : ૩૪ પ્લોટમાં બિડરો ના મળતાં હરાજી રદ થઈ હતી તો ૮ પ્લોટની હરાજી આજે રદ થઈ : કુલ ૯૮ પ્લોટ હરાજીમાં હતા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરના ૬૯ પ્લોટોની યોજાયેલી પુનઃ હરાજીમાં ૮ પ્લોટોની હરાજી આજે જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે રદ કરી છે. આ ઉગાઉ આ પ્લોટો પૈકી ૩૩ પ્લોટોની હરાજીમાં કોઈ બિડર ન હોવાથી અને એક પ્લોટમાં એક જ બિડર હોવાથી હરાજી રદ કરાઈ હતી.

ગાંધીનગર શહેરના ૯૮ પ્લોટોની હરાજી પૈકી ૫૦ ટકા પ્લોટોની જ હરાજી થઈ છે. સરકારે પ્રથમવાર આ પ્લોટોની હરાજી પારદર્શક રીતે થાય અને કોઈપણ પ્રકારની રીંગ ના થાય તે માટે ઈ-હરાજી યોજી હતી.

બે-બે વાર હરાજીને અંતે જ ૫૦ ટકા જ પ્લોટોની હરાજી થઈ શકી છે. એક દસકા પછી યોજાયેલ આ હરાજીમાં રહેણાંકના પ્લોટોમાં કોઈએ લગભગ રસ દાખવ્યો નથી તો વાણિજ્ય વિસ્તાર માટે થોડોક રસ સરકારે એફએસઆઈમાં કરેલા સુધારાને લઈ જોવા મળ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## કયા-કયા પ્લોટની હરાજી રદ

સે. ૫ - પ્લોટ નં. - ૧૭૫૬, ૧૭૫૭ અને ૧૭૫૯
સે. ૨૩ - પ્લોટ નં. ૭૪૩ અને ૭૪૫
સે. ૨૨ - પ્લોટ નં. ૨૭૮, ૨૮૦ અને ૪૫૩/૧

## હરાજીનો રિપોર્ટ સરકારને મોકલાશે

ગાંધીનગરમાં એક દસકા બાદ યોજાયેલ ઈ-હરાજીનો વિગતવાર અહેવાલ જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા રાજ્ય સરકારને મોકલવામાં આવશે. કલેક્ટરશ્રીએ બીજા તબક્કામાં ૮ પ્લોટની હરાજી રદ કરી છે. રહેણાંક વિસ્તાર અને વાણિજ્ય વિસ્તારના પ્લોટ ઉપરાંત ડૉક્ટર હાઉસના પ્લોટોની હરાજી યોજવામાં આવી હતી.



# છત્તીસગઢના મુખ્યપ્રધાન રમણસિંહ ગુજરાતના વિકાસથી પ્રભાવિત

ગાંધીનગર, તા.૭

છત્તીસગઢના મુખ્યમંત્રી ડૉ.રમણસિંહે ગુજરાતના સર્વગ્રાહી ગતિશીલ વિકાસને ટીમ સ્પીરીટના ચમત્કા-મિરેકલ સમાન ગણાવ્યો છે. તેમણે કહ્યું કે, ગુજરાત મોડેલના આધાર ઉપર છત્તીસગઢ જેવું રાજય પણ બેસ્ટ પ્રેક્ટિસીસના અનુભવ જ્ઞાન આદાન પ્રદાનનો ઉપક્રમ સતત જાળવી રાખવા ઉત્સૂક છે. ડૉ. રમણસિંહે તેમનો ગુજરાત પ્રવાસ પ્રશાસનિક કાર્ય સંસ્કૃતિની જનસેવા પ્રતિબદ્ધતાના દર્શન કરાવનારો બન્યો છે તેનો આનંદ વ્યક્ત કર્યો હતો. ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાતમાં સૌના સાથ સૌના વિકાસની ભાવના સાકાર કરવાનું શ્રેય જન સહયોગ અને કર્મયોગીઓના કર્મયોગભાવને આપ્યું હતું. તેમણે ઘર ઘર શૌચાલય આરોગ્ય સેવા અને સેવા ક્ષેત્રનાં મિશન મોડ પર થઈ રહેલા કલ્યાણ સેવા કાર્યો તેમજ સુશાસન પ્રણાલિને કારણે પ્રજા વર્ગોનો વિશ્વાસ સરકારે સંપાદિત કર્યો છે.

# ગાંધીનગર સિવિલમાં ડેન્ગ્યુ નિદાન માટે એલાયજા ટેસ્ટ કરવામાં આવતા નથી

ગાંધીનગર, તા. ૭

એન.એ.બી.એચ.નું પ્રમાણપત્ર ધરાવતી ગાંધીનગર સિવિલ હોસ્પિટમલાં ડેન્ગ્યુના ટેસ્ટ રિપોર્ટ એલાયજી કીટથી નહિ પરંતુ રેપીડ ટેસ્ટથી કરી નિદાન કરવામાં આવતુ હોવાની ચોંકાવનારી હકીકતો બહાર આવી છે.

ગાંધીનગર શહેરમાં એક તરફ મનપા દ્વારા એડીસ મચ્છરોના જેટલી સંખ્યામાં બ્રિડીંગ શોધી કાઢવામાં આવ્યા છે તે જોતાં શહેરમાં ડેન્ગ્યુના કેસો મળવા જોઈએ પણ જુલાઈ માસમાં એક પણ ડેન્ગ્યુનો કેસ નોંધાયો નથી. જો કે સિવિલમાં મેલેરિયાના ૫૧ કેસ મળ્યા છે જેમાં ૪૫ સાદા મેલેરિયાના કેસ છે તો ૬ ઝેરી મેલેરીયાના કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રેપીડ ટેસ્ટ દરમ્યાન જો કોઈ દર્દીને ડેન્ગ્યુ જણાય તો તેનુ સિરમ લઈ તાત્કાલિક બી.જે. મેડીકલ કોલેજ ખાતે પરીક્ષણ માટે મોકલવામાં આવે છે અને ત્યાંથી રિપોર્ટ મળ્યા બાદ ડેન્ગ્યુ છે કે નહિ તે કન્ફર્મ થાય છે.

મળતી વિગતો પ્રમાણે એલાયજી કીટ્સ મોંઘી હોવાથી સિવિલ હોસ્પિટલ ખાતે તેની ફાળવણી કરવામાં આવી નથી.

બીજી તરફ ગાંધીનગર શહેરના ખાનગી તબીબોને ત્યાં મેલેરિયા અને ડેન્ગ્યુના કેસો સતત વધી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# સિવિલનો કર્મચારી જ ડેન્ગ્યુમાં ઝડપાયો

### ખાનગી લેબોરેટરીના રિપોર્ટમાં ડેન્ગ્યુ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલનો એક કર્મચારી જ ડેન્ગ્યુમાં સપડાયો છે અને તે પણ ખાનગી લેબોરેટરીમાં ટેસ્ટ કરાવી આવ્યો હોવાની હકીકત જાણવા મળેલ છે.

સિવિલ હોસ્પિટલના પેરામેડિકલ સ્ટાફમાં ફરજ બજાવતો આ કર્મચારી આમ તો ખેડા જિલ્લાનો વતની હોવાનું જાણવા મળેલ છે. હાલ આ કર્મચારીને આઈસીસીયુમાં રાખવામાં આવેલ છે અને તેની તબિયત સુધારા પર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

32 YEARS EXPERIENCE
ॐ OM HOLIDAYS
(a unit of Om Air Travels (p) Ltd.) Since 1984
DIWALI PACKAGES SPECIAL DISCOUNT AVAILABLE
Destination Specialist :
USA, EUROPE, THAILAND, DUBAI
Singapore, Malaysia, Thailand
Budget Tour Rs. 86000. 31 Aug., '15
Visitor Visa USA
217/ B, Supermall 1, Above Sankalp Restaurant, Infocity
Gandhinagar. M : 9227250201 - 9099095374

बैंक ऑफ़ इंडिया Bank of India BOI
સંબંધોની મૂડી
Zonal Office : Gandhinagar Zone, BOI Building, CSD, Sector-16, Gandhinagar-382016 Ph: 079-23222853
Email : zo.gandhinagar@bankofindia.co.in
પેથાપુર શાખા માટે ભાડેથી જગ્યા જોઈએ છે.
પેથાપુર (સેમી અર્બન) - (૩૮૨૬૧૦) તા.:ગાંધીનગર, જી.: ગાંધીનગર
૧૦૦૦ થી ૧૫૦૦ ચો.ફૂટ
રેડી પઝેશન વાળી ગ્રાઉન્ડ ફ્લોર / માર્કેટ વિસ્તાર માં આવેલ જગ્યાને પ્રથમ પસંદગી વિગતવાર જાહેરનામું આમંત્રિત કરતી વિગત અમારી વેબસાઈટ www.bankofindia.com ઉપરથી મેળવી શકાશે. નીયત કરેલ અરજીપત્રક કામકાજના સમય દરમ્યાન અમારી, ઝોનલ ઓફીસ, ગાંધીનગર ઝોન, ઉપરથી મેળવી શકાશે. અરજીપત્રક ઝોનલ ઓફીસે પરત આપવાની છેલ્લી તા. ૨૪-૦૮-૨૦૧૫ સુધી રહેશે.
રાજીવ પાઠક-ઝોનલ મેનેજર-ગાંધીનગર ઝોન

